## મલ્ટીમોડેલ લોજિસ્ટિક્સ

# પ્રદાતા ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા રૂા.૨૫૦ કરોડનું મૂડી ખર્ચ કરશે

અમદાવાદઃ ભારતની અગ્રણી સંકલિત સપ્લાય ચેઈન અને લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ પ્રદાતા ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિ. (TCI)એ ઘોષણા કરી હતી કે તે આગામી નાણાકીય વર્ષ એટલે કે FY23 માટે આશરે રૂ. ૨૫૦ કરોડનું મૂડી ખર્ચ કરવાનું આયોજન કરી રહી છે. કુલ કેપેક્સ (મૂડી ખર્ચ)માંથી, કંપની જહાજો અને કન્ટેનર પર રૂ. ૧૦૦-૧૨૫ કરોડનો ખર્ચ કરશે. TCI આવકમાં લગભગ ૧૨-૧૫ ટકા વૃદ્ધિ અને નફામાં ૨૦ ટકા વૃદ્ધિ જોઈ રહી છે.

કેપેક્સ યોજનાઓ પર ટિપ્પણી કરતા, TCIના મેનેજિંગ ડિરેકટર શ્રી વિનીત અગ્રવાલે જણાવ્યું હતું કે, અમે આગામી નાણાકીય વર્ષમાં આશરે રૂ. ૨૫૦ કરોડના કેપેકસની અપેક્ષા રાખીએ છીએ. આમાંથી, આશરે રૂ. ૧૦૦-૧૨૫ કરોડ જહાજો અને કન્ટેનર પાછળ ખર્ચવામાં આવશે અને, અલબત્ત, અમુક રકમ - જેમ કે રૂ. ૩૦-૫૦ કરોડ - ટ્રકો માટે ખર્ચવામાં આવશે. તે પછી, અમે વેરહાઉસ બનાવવા પર પણ ખર્ચ કરીશું. જે લગભગ રૂ. ૭૫ કરોડનો ખર્ચ થશે.।